RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 245, Dt.2-1-2025 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# પ્રી-સ્કૂલ સંચાલકોના અલ્ટિમેટમ બાદ સરકારે ત્રણ માંગ સ્વીકારી

## રાજ્યવ્યાપી વિરોધ બાદ શિક્ષણ વિભાગ સાથેની બેઠકમાં સુખદ ઉકેલ, ટૂંક સમયમાં ફેરફાર કરાયેલા નિયમો જાહેર કરાશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

રાજ્યમાં ચાલતી હજારો પ્રી-સ્કૂલ માટે સરકારે કડક નિયમોની અમલવારી કરતા જ પ્રી-સ્કૂલ સંચાલકોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને રાજ્યવ્યાપી આંદોલન છેડાયું હતું. પ્રી-સ્કૂલ સંચાલકોની અનેક રજૂઆતો બાદ પણ સરકાર દ્વારા કોઈ ફેરફાર ન કરાતા સંચાલકોએ ફરીવાર ગાંધીનગરમાં સચિવાલય પહોંચી રજૂઆત કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જો કે, ગઈકાલે (બુધવારે) પ્રી-સ્કૂલ સંચાલકો અને શિક્ષણ વિભાગના અધિકારીઓ વચ્ચે મળેલી બેઠકમાં મહત્વની ત્રણ માગણીનો મૌખિક સ્વીકાર કરવામાં આવ્યો છે. ફેરફાર કરાયેલા નિયમોની ટૂંક સમયમાં જ સત્તાવાર જાહેરાત કરાશે.

પ્રી-પ્રાઈમરી શાળા સંચાલકો પાછલા કેટલાક સમયથી રાજ્યભરમાં વિરોધ નોંધાવી આંદોલન કરી રહ્યા હતા. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રી-પ્રાઈમરી શાળા ચલાવતા સંચાલકો માટે કેટલાક નવા નીતિ નિયમો જાહેર કર્યા હતા.જેમાં ફરજિયાત ૧૫ વર્ષનો રજિસ્ટર્ડ ભાડા કરાર,એજ્યુકેશન બીયુ પરમિશન,દર વર્ષે વર્ગદીઠ ૫ હજાર રજિસ્ટ્રેશન ફી,ટ્રસ્ટ કે સંસ્થાનું રજીસ્ટેશન કરાવવું સહિતના નિયમો લાવવામાં આવ્યા હતા. આ અંગે શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યું હતું કે નવા નિયમો સાથે રજિસ્ટ્રેશન કરાવવું અઘરું હતું.જેથી અનેક સ્કૂલોએ હજુ રજિસ્ટ્રેશનની



પ્રક્રિયા કરી ન હતી.પરંતુ ગઈકાલે બેઠક થઈ તેમાં કેટલાક નિયમો હળવા કરવાની ચર્ચા કરવામાં આવી હતી.જેથી આગામી સમયમાં તમામ સ્કૂલો રજિસ્ટ્રેશન કરાવશે.આ નિર્ણયથી સંચાલકોમાં પણ સંતોષ છે.સરકાર દ્વારા ટૂંક સમયમાં નવા નિયમો અને મુદતમાં વધારો જાહેર કરવામાં આવશે.

### ત્રણ બાબતનો શિક્ષણ વિભાગ દ્વારા મૌખિક સ્વીકાર કરાયો

૧૫ વર્ષના રજિસ્ટર્ડ ભાડા કરારને બદલે ૫ વર્ષનો નોટરાઈઝ્ડ ભાડા કરારની માગનો સ્વીકાર્યો છે.

જૂના ઠરાવમાં વર્ગદીઠ ૫ હજાર ભરવાની જોગવાઈ કરવામાં આવી હતી, જેમાં બદલાવ કરીને વર્ગદીઠ નહીં, પરંતુ આખી શાળા માટે રૂપિયા ૧૦,૦૦૦ની ફી રજિસ્ટ્રેશન ફી પેટે નક્કી કરવામાં આવી છે.

પ્રી-પ્રાઈમરી સ્કૂલના રજિસ્ટ્રેશન માટે ફેબ્રુઆરી મહિનામાં મુદત પૂરી થતી હતી ,જેની સ્થાને ૬ મહિના સુધી રજિસ્ટ્રેશન માટે સમય મર્યાદા વધારવામાં આવી છે.

આ ત્રણ માગોનો શિક્ષણ વિભાગ દ્વારા મૌખિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે.જેથી પાછલા લાંબા સમયથી અલગ અલગ રીતે વિરોધ આવી રહેલ પ્રી-પ્રાઈમરી સ્કૂલના સંચાલકોના પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે.

# ઉત્તરાયણમા માવઠાની શક્યતા: અંબાલાલની નવી આગાહી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઉત્તરાયણ નજીક આવતા જ પતંગરસિયાઓને એક જ ચિંતા હોય છે કે પવનની ગતિ કેવી રહેશે? આ ઉત્તરાયણ પર હવે પતંગરસિયાઓ માટે માવઠું પણ ચિંતા વધારે તેવી સ્થિતિ છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ૧૨ થી ૧૮ જાન્યુઆરી દરમિયન રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની આગાહી કરી છે. જો, ઉત્તરાયણ સમયે જ માવઠું થાય તો પતંગરસિયાઓની મોજ પર પાણી ફરી વળી શકે છે. માવઠાની આગાહી સાથે સાથે રાજ્યમાં કડકડતી ઠંડીની પણ આગાહી કરવામાં આવી છે.

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીની આગાહી મુજબ, જાન્યુઆરી માસના ફક્ત ચાર જ દિવસ ઠંડીમાંથી રાહત મળશે ત્યારબાદ ૫ જાન્યુઆરી ૨૦૨૫થી અતિશય ઠંડીનો એક રાઉન્ડ શરૂ થવાની શક્યતાઓ છે જે ૧૫ જાન્યુઆરી સુધી એટલે કે લગભગ ૧૧ થી ૧૨ દિવસ સુધી ચાલુ રહેશે. જેમાં કેટલાક જિલ્લાઓમાં લાંબા ગાળા સુધી કોલ્ડવેવની પણ સંભાવના છે. આ ઉપરાંત એક જાન્યુઆરીથી છ જાન્યુઆરી સુધી ઉત્તર ગુજરાત, પૂર્વ ગુજરાત અને મધ્ય ગુજરાતના ભાગોમાં ઝાકળની પણ સંભાવના છે. જેથી ખેડૂતો માટે આ એક ચિંતાજનક બાબત થઈ શકે છે. કારણ કે જો ઝાકળવર્ષા વધુ માત્રામાં થાય તો શિયાળુ પાક જેવા કે ઘઉં, જીરું સહિતના પાકને નુકસાન પહોંચી શકે છે. તેમાં પણ જો ખેડૂતો દ્વારા પાકને પિયત કરવામાં આવ્યું હોય અને ઝાકળવર્ષા થાય તો ઊભો પાક નમી જતો હોય છે અને ભારે નુકસાન વેઠવું પડી શકે છે, તેથી એકથી છ જાન્યુઆરી દરમિયાન આગાહી કરવામાં આવી છે જેથી ખેડૂતો સાવચેત રહી શકે છે. પરંતુ વધુ માત્રામાં આ ઝાકળવર્ષા રહેશે નહીં ફક્ત કેટલાક ભાગોમાં છૂટાછવાયા વિસ્તારોમાં ઝાકળ પડી શકે છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે આગામી પાંચ જાન્યુઆરી ૨૦૨૫થી ઠંડીના રાઉન્ડની શરૂઆત થશે જેમાં પવનની ગતિ ૧૫ થી ૨૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી શકે છે. હાલમાં ગુજરાત પર ઉત્તર પૂર્વ દિશા તરફથી આવતા પવનોની ગતિ ૭ થી ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની છેતથા પવનની દિશા પણ પૂર્વ તરફથી હોવાથી ૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી મહત્તમ



તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાઈ શકે છે પરંતુ મોટાભાગના જિલ્લાઓનું લઘુતમ તાપમાન યથાવત રહેવાની શક્યતાઓ છે. ઉલ્લેખનીય છે કે ઉત્તર ભારતમાં મજબૂત વેસ્ટન ડિસ્ટર્બન્સ લીધે ઉત્તર ભારતના ભાગોમાં આવતીકાલથી હિમવર્ષા થવાની પૂરેપૂરી શક્યતાઓ દર્શાવે છે તથા જ્યારે પણ ઉત્તર ભારતમાં હિમવર્ષા થાય તેના ૪૮ થી ૭૨ કલાકમાં ગુજરાત પર ઠંડીનું પ્રમાણ વધતું હોય છે તેથી આગામી ૫ જાન્યુઆરીથી ભયંકર ઠંડીની શરૂઆત થશે જે સતત ૧૦ થી ૧૧ દિવસ સુધી ચાલી શકે છે એટલે કે ઉત્તરાયણ સુધી ઠંડીનું જોર વધવાની સંભાવના છે.

# પાક વીમામાં કલેમ સેટલમેન્ટ ટેકનોલોજીથી થશે

## ખેડુતોના આંદોલન દરમિયાન નિર્ણય, ૯માં નાણાપંચની ભલામણો માનવામાં આવી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મિનિમમ સપોર્ટ પ્રાઈઝની લીગલ ગેરંટીના માટે ચાલી રહેલા ખેડુતોના આંદોલન દરમિયાન કેન્દ્ર સરકારે બુધવારે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનાનો સમયગાળો વધારી દીધો છે. આ નિર્ણય વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં થયેલા આર્થિક મામલાનો મંત્રીમંડળની સમીતીની બેઠકમાં લેવાયો હતો. આ સાથે હવે કલેમ સેટલમેન્ટ ટેકનોલોજીથી થશે. ખેડુતોના આંદોલન દરમિયાન આ નિર્ણય લેવાયો છે. ૧૫મા નાણાપંચની શરતો માનવામાં આવી છે. રેલમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ યોજનાનો જેવી




રીતે ઉપયોગ થયો છે અને ખેડૂતોના જીવનમાં આથી જે અસલ પરિવર્તન આવ્યુ છે તેને જોઈને ફાળવણી વધારવામાં આવી છે.

ટેકનોલોજી ઈનોવેશન માટે ફંડ: કેબીનેટે ૮૨૪.૭૭ કરોડ રૂપિયાના ફંડ ફોર ઈનોવેશન એન્ડ ટેકનોલોજી બનાવવાની મંજુરી પણ આપી છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે આનો ઉપયોગ પાક વીમા યોજનામાં નુકસાનના આકલનથી માંડીને કલેમ સેટલમેન્ટ સુધી કરાશે. નુકસાનનું આકલન રિમોટ સેન્સીંગથી કરાશે તેના આધારે ખેડૂતોનો વીમો બનશે.

# આવકવેરામાં ૮૭ એનું રીબેટ કરદાતાઓ મેળવી શકશે

■ હાઈકોર્ટનાં આદેશ બાદ કરદાતાઓને રાહત




**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

૨૦૨૩-૨૪ નાં નાણાંકીય વર્ષ માટે ટેક્સ રીબેટ નહી મેળવી શકનારા કરદાતાઓને કરવેરા વિભાગે મોટી રાહત આપી છે. પાત્રતા ધરાવતા કરદાતાઓ હવે આઈટીઆર-૨ તથા આઈટીઆર-૩ ના યુટીલીટી ફોર્મને અપડેટક રીને ૮૭ એનુ રીબેટ મંગાવી શકશે. મુંબઈ હાઈકોર્ટનાં આદેશ બાદ આ રાહત આપવામાં આવી છે.અદાલતે બીજી વખત રીટર્ન ભરવા માટે મુદત વધારો આપવાનો હુકમ કર્યો હતો.

૮૭ એ હેઠળ રીબેટ મેળવવા માટે આવકવેરા, રીટર્ન ફોર્મમાં જરૂરી બદલાવ વહેલીતકે કરવામાં આવશે. આવકવેરા કાયદા ૧૯૬૧ ની કલમ ૮૭એ હેઠળ પાત્રતા ધરાવતા કરદાતા જુની ટેકસ સિસ્ટમમાં રૂા.૧૨૫૦૦ તથા નવી સીસ્ટમમાં ૨૫૦૦૦ નું રીબેટ મેળવી શકે છે.

આવકવેરા રીટર્ન ફોર્મ ૨ અને ૩ માં આ માટે બદલાવ કરાશે અને ૮૭ એ રીબેટ માટેનો વિકલ્પ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.રીટર્ન ફોર્મ ૨ અને ૩ માં જ આ બદલાવ કરવામાં આવશે.

શોર્ટ ટર્મ કેપીટલ ગેઈન ટેકસ, જેવી ખાસ પ્રકારની આવક પર દાવો નહી થઈ શકે.

# ટ્રમ્પની હોટેલ બહાર સાયબર ટ્રકમાં વિસ્ફોટ

## એકનું મોત : સાત ઘાયલ :ન્યુ ઓર્લીન્સ હુમલાના ટ્રક અને લાસ વેગાસના ટ્રક એકજ રેન્ટલ એજન્સીના : મસ્કે લખ્યું ત્રાસવાદી હુમલો સંભવ : બાઈડન પણ ચિંતીત


**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

અમેરિકામાં નવા વર્ષમાં ન્યુ ઓર્લીન્સમાં ટ્રક ટ્રેરર બાદ વધુ બે હુમલાથી સમગ્ર દેશ ધ્રુજી ઉઠ્યો છે. નવા વર્ષના દિને આઈએસઆઈએસ સાથે જોડાયેલા ત્રાસવાદી માનસ ધરાવતા શમ્સુદીન જબ્બારએ ભીડ પર ટ્રક ચડાવીને ૧૫ લોકોની હત્યા કરી તે પછી તેના થોડા જ કલાકમાં અમેરિકાના રંગીલા શહેર લાસ વેગાસમાં તા.૨૦ના રોજ શપથ લઈ રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હોટલ બહાર જ એક સાયબર ટ્રકમાં વિસ્ફોટ થતાં એકનું મૃત્યુ નિપજ્યું હતું.

અનેક ઘાયલ થયા હતા તે ઘટના બાદ વધુ એક શુટઆઉટમાં ન્યુયોર્કમાં એક નાઈટ કલબમાં અંધાધૂધ ગોળીબારમાં ૧૧ લોકોને ઈજા થઈ હોવાનું બહાર આવ્યું છે અને તેમાં અનેકની હાલત ગંભીર હોવાનું માનવામાં આવે છે. ન્યુ ઓર્લીન્સમાં ટ્રક ટેર્ર અને લાસ વેગાસમાં અમેરિકાના નિર્વાચીત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હોટલ બહાર થયેલા એક ટ્રક વિસ્ફોટમાં હજુ તપાસ ચાલુ છે.

ત્યાં જ ન્યુયોર્કના કવીન્સના અમજુરા નાઈટ ક્લબમાં તા.૧ના રાત્રે ૧૧-૪૫ કલાકે ઈવેન્ટ હોલ પાસે એક વ્યકિતએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને તેમાં ૧૧ લોકો ઘાયલ થયા હતા. આ હુમલો બે વ્યકિતએ કર્યો હોવાનું મનાય છે. ન્યુયોર્ક પોલીસ તૂર્ત જ ઘટના સ્થળે પહોંચી હતી અને હુમલાખોરની શોધ શરુ કરી છે.

જો કે તેમાં કોઇના મૃત્યુના ખબર નથી પરંતુ જે રીતે અમેરિકામાં એક બાદ એક હુમલા થઈ રહ્યા છે તેનાથી બાઈડન તંત્રમાં નવો પડકાર ઉભો થયો છે. નવા વર્ષની ઉજવણી કરવા આવેલા લોકો નાઈટ ક્લબમાં ડાન્સ અને ડીનરની મજા માણી રહયા હતા.




ત્યાં જ ઓચીંતા ગોળીબારના અવાજ આવતા નાસ ભાગ મચી ગઈ હતી જેમાં અનેક લોકોને ઈજા થઈ છે. એક વ્યકિતએ સમાચાર સંસ્થાને જણાવ્યું કે બધુ હોરર ફિલ્મ જેવા દ્રશ્યો ચારે તરફથી લોકો નાસ ભાગ કરતાં હતા. ગોળીઓના અવાજ આવતા અને ચીસા ચીસો પણ થતી હતી. બધુ થોડીક મીનીટોમાં જ પુરુ થઈ ગયું.

# અમેરિકામાં ટ્રક ટેરર બાદ યુરોપમાં અંધાધુંધી ગોળીબાર : ૧૦ના મોત

## યુરોપના ૬ લાખની વસતિ ધરાવતા ટચૂકડા દેશ મૉન્ટેનેગ્રોના શહેર સેટીનજેમાં હુમલા માટે ચાર સ્થળો પર અંધાધુંધ ગોળીબાર કરતા બે બાળકો સહિત ૧૦ના મોત

**મુખ્ય સમાચાર, મોન્ટેનેગ્રો**

અમેરિકામાં ન્યુ ઓરલિયન્સમાં ગઈકાલે નવા વર્ષના દિને જ ટ્રક-ટેરર હુમલા મારફત ૧૫થી વધુ લોકોના મોત તથા અગાઉના આ પ્રકારના હુમલા વચ્ચે સામ્યતા વચ્ચે હવે યુરોપીયન દેશ મોન્ટેનેગ્રોના સેટીજનમાં પણ નવા વર્ષના પ્રારંભ જ અંધાધુંધ ગોળીબારની ઘટનામાં બે બાળકો સહિત ૧૦ના મૃત્યુ નિપજયા છે અને ચાર લોકો ઈજાગ્રસ્ત બન્યા છે.

આ ઘટના બાદ હુમલાખોર મનાતો ૪૫ વર્ષનો એકો માર્ટીનોવિચ જે પ્રારંભમાં ફરાર થયો હતો. તેણે પણ ખુદને ઈજા કરીને આત્મહત્યા કરી લીધાનું જાહેર થયુ છે. પોલીસે હુમલાખોરનો પીછો કરીને તેના વતન એટીનજેમાં તેના આવાસ પાસે જ ઘેરી લીધો હતો તેની તેણે ખુદને ગોળી મારી હતી. જો કે તેને તાત્કાલીક સારવાર માટે લઈ જવાશે. જેમાં માર્ગમાંજ તેનું મૃત્યુ થયુ હતું.

મોન્ટેનેગ્રોના રાજધાની શહેર પોડગોરીકાથી ૩૮ કિમી દુરના નાના શહેર સેટીનજેમાં આ ગોળીબારની ઘટના બની હતી. બુધવારે બપોર બાદ એક રેસ્ટારા પાસે હુમલાખોરે ગોળીબાર કર્યા હતા. તેણે કુલ ચાર સ્થળો પર અંધાધુંધ ગોળીબાર કરતા બે બાળકો સહિત ૧૦ લોકો માર્યા ગયા હતા અને અનેક ઈજાગ્રસ્ત બન્યા હતા.




આ દેશમાં મોટાપાયે ગેરકાનૂની રીતે હથિયારો રાખવામાં આવે છે. પોલીસના જણાવ્યા મુજબ હુમલાખોર ભારે નશામાં હતો. ૬ લાખ લોકોની વસતિ ધરાવતા આ દેશમાં સંગઠીત ગુન્હાખોરી પણ વ્યાપક છે. જો કે આ હુમલાને ત્રાસવાદી હુમલા તરીકે ગણાયો નથી.

# જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રણ મહિના સામાન્ય કરતાં ગરમ બની રહેવાની આગાહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત માટે કેલેન્ડર વર્ષ ૨૦૨૪ અત્યાર સુધીનું સૌથી ગરમ જાહેર કરવામાં આવ્યું છે. સાથોસાથ જાન્યુઆરીથી માર્ચ સુધીનાં ત્રણ મહિના પણ નોર્મલ કરતાં ગરમ બની રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે, ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી ચાલુ જાન્યુઆરી મહિનામાં તાપમાન નોર્મલ કે તેનાથી નીચે રહેવાની સંભાવના છે.અર્થાત ઠંડીનો માહોલ રહેશે.

ભારતીય હવામાન વિભાગે સતાવાર રીપોર્ટમાં કહ્યું કે, ઓકટોબરથી ડીસેમ્બર ૨૦૨૪ સૌથી ગરમ હતા અને તેમાંથી ઓકટોબર મહિનો ૧૨૩ વર્ષના ઈતિહાસનો સૌથી ગરમ હતો. ૨૦૨૪ માં સરેરાશ ૨૫.૭૫ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું તે રેકોર્ડ પણ તૂટયો છે. ૦.૧૧ ડીગ્રીનો આ તફાવત હવામાનની દ્રષ્ટ્રિએ ઘણો મોટો છે. વૈશ્વિક સ્તરે તાપમાન વધી જ રહ્યું હોવાનો રીપોર્ટ વિશ્વ હવામાન સંગઠને પણ જારી કર્યો હોવાનું ઉલ્લેખનીય છે. જાન્યુઆરી મહિનાનો વર્તારો જાહેર કરતાં હવામાન વિભાગનાં રીપોર્ટમાં એમ કહેવાયું છે કે દેશનાં મોટાભાગનાં રાજયોમાં લઘુતમ તાપમાન મોટાભાગે નોર્મલથી ઉંચુ જ રહેશે. ઉતરપ્રદેશ, બિહાર, રાજસ્થાન, મધ્યપ્રદેશ-ગુજરાત જેવા પૂર્વોતર રાજયોમાં ન્યુનતમ તાપમાન નોર્મલ કે તેનાથી નીચુ રહેશે. અર્થાત ઠંડીનો અનુભવ થશે. હવામાન વિભાગનાં વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે જાન્યુઆરીમાં મધ્ય ભારતનાં પશ્ચિમી તથા ઉતરીય ભાગોમાં કોલ્ડવેવનાં દિવસોની સંખ્યા સામાન્ય કરતા વધુ રહેશે. દસ દિવસ બાદ પ્રયાગરાજમાં



મહાકુંભ શરૂ થઈ રહ્યો છે.તે સમયગાળામાં પણ તાપમાન નોર્મલથી નીચુ રહેવાની સંભાવના છે. વરસાદને લાગેવળગે છે ત્યાં સુધી જાન્યુઆરીનો વરસાદ સામાન્ય કરતા વધુ રહી શકે છે અને તેને કારણે શિયાળુ પાકને લાભ થશે. પૂર્વીય ઉતર પ્રદેશ, પશ્ચિમી ઉતર પ્રદેશ, ઉતરાખંડ, હરિયાણા, પંજાબ, હિમાચલપ્રદેશ, જમ્મુ-કાશ્મીર તથા લદાખ જેવા સાત હવામાન સબ ડિવીઝનોમાં એકસમાન અને નોર્મલ કરતા વધુ રહેશે. સમગ્ર દેશમાં સરેરાશ કરતા વધુ રહેશે. જોકે ઉતર પશ્ચિમ ભારતના અમુક ભાગો તથા ઉતરપૂર્વ અને મધ્ય ભારતનાં અમુક ભાગોમાં જાન્યુઆરીમાં વરસાદનું પ્રમાણ નોર્મલથી ઓછુ રહી શકે છે.

# દીવથી થર્ટી ફર્સ્ટની પાર્ટી કરીને આવતા પીધેલાઓને નેશનલ હાઈવે પરથી ઝડપી લેતી અમરેલી પોલીસ

**મુખ્ય સમાચાર, અમરેલી**

નવા વર્ષની ઉજવણી દેશભરની સાથે ગુજરાત ભરમાં હવે લોકો ઉજવણી કરી રહ્યા છે, તો કેટલાક તત્વો આ નવા વર્ષની પાર્ટીઓમાં દારૂ ઘુસાડી દારૂ જેવી પ્રવુતિઓ કરી નશો કરતા જોવા મળી રહ્યા છે. વર્ષ ૨૦૨૫ પહેલા અંતિમ રાતે ૩૧ ડિસેમ્બર લોકો અલગ અલગ વિસ્તારમાં પાર્ટીઓ મનાવી હતી. જેમાં દમણ-દીવ જેવા પ્રદેશોમાં ગુજરાત રાજ્યના અનેક લોકો નશાથી પાર્ટીઓ કરી આવતા હોય છે અને પોલીસ કાર્યવાહી હાથ ધરે છે દિવમા ૩૧ ડિસેમ્બરએ સૌરાષ્ટ્ર બહારના લોકો નશો એવતા હોય છે ત્યારે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, અજ વલય વૈદ્ય,ડી.વાય.એસ.પી.ચિરાગ દેસાઈની કડક સૂચના અને સીધા સુપરવિઝન હેઠળ જિલ્લામાં બોડર વિસ્તારોમાં પોલીસ ચેકીંગ નાકાબંધીઓ કરી ચેકપોસ્ટ શરૂ કરી ચેકીંગની કામગીરી * કરી રહ્યા છે.દિવથી આવતા લોકો પ્રથમ ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર પ્રવેશ કરી ઉના તરફથી અમરેલી જિલ્લામાં આવેલ જાફરાબાદ તાલુકાના ટીંબી ચેકપોસ્ટ ઉપર પ્રવેશ કરે છે અહીં નાગેશ્રી પોલીસની ટીમો દ્વારા વાહન ચેકીંગની કામગીરી રાતભર ચાલી હતી, જેના કારણે અહીં દિવ તરફથી પાર્ટીઓ મનાવી નશો કરેલી હાલતમા અનેક લોકો આવતા હતા ત્યારે નાગેશ્રી પોલીસએ વાહન ચેકીંગ દરમ્યાન ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે રાત ભર પોલીસએ કોઈ નશો કરેલું છે કે કેમ? ક્યાં વિસ્તાર માંથી આવી



રહ્યા છે તેની નોંધ કરી રહી હતી. અમરેલી જિલ્લામાં લાઠી, બાબરા, રાજુલા, જાફરાબાદ પીપાવાવ મરીન પોલીસ વિવિધ પોલીસ હાઈવે પર વાહન ચેકીંગની કામગીરી કરી હતી અને નશો કરેલી હાલતમાં છે કે કેમ? તેનું ચેકીંગ કરતી અને રાત્રીના પોલીસ એલર્ટ મોડમાં જોવા મળી રહી હતી.

# ડ્રાયફૂટના ધંધાર્થીનું રૂપિયાની ઉઘરાણીમાં વેપારી સહિતનાએ અપહરણ કરી માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પડધરીના રંગપરના પાટીયા પાસે રહેતા ડ્રાયફુટના ધંધાર્થીને નાણાની ઉઘરાણીમાં વેપારી સહીતના શખ્સોએ રૈયા ચોકડી પાસે બોલાવ્યા બાદ તેનું અપહરણ કરી દાણાપીઠ અને ધર્મેન્દ્ર રોડ પર લઈ જઈ દુકાનમાં ગોંધી રાખી ઢોર માર મારતા ઈજાગ્રસ્ત યુવાન સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં દાખલ થતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ રંગપરના પાટીયા પાસે રહેતો નવઘણ ભુપતભાઈ સોલંકી ઉ.વ.૩૧ નામનો યુવાન ગઈકાલે બપોરે પોતાના ઘરે હતો ત્યારે આંગડીયા પેઢીનું પાર્સલ આવ્યાનું કહી રૈયા ચોકડી પાસે બોલાવવામાં આવતા તે રૈયા ચોકડીએ આવ્યો



ત્યારે સબીર, આશીષ, અને અજાણ્યો શખ્સ એકટીવા લઈ આવ્યા હતા. આરોપીઓએ યુવાનને ગાળો આપી માર માર્યા બાદ તેમનું એકટીવામાં અપહરણ કરી દાણાપીઠમાં ક્રિન્શ ડ્રાયફુડ નામની દુકાને લઈ જઈ તેને માર માર્યો હતો. બાદમાં ધર્મેન્દ્ર રોડ પર ફાઈવસ્ટાર ડ્રાયફુડ નામની દુકાને લઈ જઈ રાત્રે ૧૦ વાગ્યા સુધી ગોંધી રાખી તેને ઢોર માર મારવામાં આવ્યો હતો. બાદમાં તેનું કપડા કાઢી પટ્ટાથી બેફામ ફટકારી છોડી મુકવામાં આવતા તે ઘરે જતો રહ્યો હતો. બાદમાં આજે દુખાવો થતા તે સિવિલ હોસ્પીટલમાં દાખલ થતા આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમીક નોંધ કરી પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં નવઘણ ડ્રાયફૂડનો ધંધો કરતો હોય આરોપીઓ પણ ડ્રાયફુડના વેપારી હોય જેથી નવઘણે આરોપીઓ પાસેથી ત્રણ મહિના અગાઉ ૫૦ હજારની ડ્રાયફુડની ખરીદી કરી હોય જેમાં ૩૦ હજાર ચુકવી દીધા હતા. બાકીના ૨૦ હજારની ઉઘરાણી કરી તેનું અપહરણ કરી ઢોર માર મારવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુર,ધોરાજી, ઉપલેટા જામકંડોરણા તાલુકાની મહિલાઓને મળશે અભયમ્ રેસ્કયુ વાનનો લાભ

## જિલ્લા કલેકટરના પ્રયાસોથી વાનગી ફાળવણીઃ અભયમ્ યોજના હેઠળ એક વર્ષમાં ૬૧૮૨ કેસોનો નિકાલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતની મહિલાઓને અભય બનાવતી ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન ૨૪x૭ કાર્યરત છે. જો કોઈ મહિલા શારીરિક-માનસિક હિંસાનો ભોગ બની રહી હોય તો તે ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરીને મદદની અપીલ કરી શકે છે. આ સ્થિતિમાં રેસ્ક્યુ વાન પીડિત મહિલાની મદદે પહોંચી જાય છે અને જરૂર જણાયે મહિલાને સલામત સ્થળે લઈ જાય છે. આમ, અભયમ રેસ્ક્યુ વાન મહિલાઓની સુરક્ષા અર્થે મહત્વની સાબિત થઈ છે. ત્યારે રાજકોટ જિલ્લાની મહિલાઓને નિર્ભય બનાવવા જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષીના પ્રયાસોથી ગ્રામ્ય વિસ્તાર માટે એક અભયમ રેસ્ક્યુ વાન ફાળવવામાં આવી છે.

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારી ડો. જનકસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ કુલ ૦૫ અભયમ રેસ્ક્યુ વાન કાર્યરત છે. જે પૈકી ૦૪ રેસ્ક્યુ વાન જિલ્લા ગ્રામીણ વિસ્તારમાં અને ૦૧ રેસ્ક્યુ વાન રાજકોટ શહેરી વિસ્તારમાં કાર્યશીલ હતી.

ગ્રામ્ય વિસ્તાર માટે વધુ રેસ્કયુ વાનની જરૂર જણાતા રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીના પ્રયાસોથી ૦૫ વાન પૈકી ૦૧ વાન ગ્રામીણ વિસ્તારમાં ફાળવવા માટે ગુજરાત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. રાજકોટ જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી હિમકર સિંહ દ્વારા આ વાન માટે જેતપુર પોલીસ સ્ટેશન ખાતે સ્થળ અને સ્ટાફની ફાળવણી પણ કરવામાં આવી છે.



આ રેસ્ક્યુ વાનને ટૂંક સમયમાં લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવાતા જેતપુર, ધોરાજી, ઉપલેટા અને જામકંડોરણા તાલુકાની મહિલાઓને તેનો લાભ મળી શકશે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રેસ્ક્યુ વાન થકી સરેરાશ રિસ્પોન્સ ટાઈમમાં ઘટાડો થતાં જરૂરીયાતમંદ મહિલાઓને ઝડપથી સહાય પૂરી પાડી શકાશે.

રાજકોટ જિલ્લામાં જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન મહિલાઓની સમસ્યાને ધ્યાને લઈને ઘટનાસ્થળ પર રેસક્યુ વાન લઈ જઈને ૩૦૯૧ કેસનું નિરાકરણ લાવવામાં આવ્યું છે. કુટુંબના સભ્યો અને આગેવાનો સાથે પરામર્શ કરીને ૧૯૨૩ કેસમાં સ્થળ પર સમસ્યાનું સામાધાન કરવામાં આવ્યું છે.

તેમજ ૧૦૭૨ કેસોમાં મહિલાની ગંભીર સમસ્યાને ધ્યાને લઈને પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર, આશ્રય ગૃહ, સગા-સબંધી, ફેમિલી કાઉન્સિલીંગ સેન્ટર, નારી અદાલત, વિવિધ મહિલા કલ્યાણ કેન્દ્રો, ઓ.એસ.સી. ખાતે આગળની કાર્યવાહી માટે લઈ જવામાં આવ્યા છે. જયારે અન્ય ૯૬ કેસોમાં પીડિતાનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. આમ, રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન અભયમ યોજના હેઠળ કુલ ૬૧૮૨ કેસનો ઉકેલ લાવવામાં આવ્યો છે.

# મોરબી જીલ્લામાં આવેલી હોટલ, સિનેમાહોલ, મંદિરો, મોલ, જ્વેલરી શો રૂમ સહિતના સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા ફરજિયાત

## મોરબીમાં વિવિધ સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં સમાવિષ્ટ હાઈવે, જાહેર માર્ગો, એટીએમ સેન્ટર્સ, બેંકો, મંદિરો, પેટ્રોલ પંપ, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાતના શો-રૂમ, બિગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, એલ.પી.જી.-પેટ્રોલ-ડીઝલના પેટ્રોલિયમ કંપનીના સ્ટોરેજ ડેપોના પ્રવેશદ્વાર પર સિકયુરીટી મેનની ફરજ પર વ્યક્તિની નિયુક્તિ કરવા અંગે તેમજ સીસીટીવી કેમેરા લગાવવા અંગે અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ એસ.જે.ખાચર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં જણાવ્યા અનુસાર, મોરબી જીલ્લામાં સમાવિષ્ટ તમામ બેંકો, તમામ એ.ટી.એમ. (અ.ઝ.ખ.) સેન્ટરો, સોના-ચાંદી-ડાયમંડના કિંમતી ઝવેરાતના શો-રૂમ તથા બિગ બાઝાર જેવા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ થીએટર, એલ.પી.જી.-પેટ્રોલ-ડીઝલના પેટ્રોલીયમ કંપનીના સ્ટોરેજ ડેપોના પ્રવેશદ્વાર પર સિકયુરીટી મેનની ફરજ પર નિયુક્તિ કરવા અંગે તેમજ મુખ્ય પ્રવેશદ્વાર ઉપર તથા બહાર નીકળવાના દ્વાર પર રોડ પરથી પ્રવેશ કરનાર અને બહાર નીકળનારના રોડ સુધીના રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે પ્રાપ્ત થઈ શકે તે રીતે રીસેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યાઓ, જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લેવામાં આવે તેટલી સંખ્યામાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે.

આ ઉપરાંત હાઈ-વે પર આવેલા તમામ પેટ્રોલ પંપના ફીલીંગ સ્ટેશન પર, પેટ્રોલ પંપની આજુબાજુમાં આવેલી દુકાનો પર ગાડીના નંબર અને ગાડીના ડ્રાઈવર તથા ડ્રાઈવરની બાજુમાં બેસેલા વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે હાઈડેફીનેશનવાળા નાઈટ વિઝન ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા રાખવાના રહેશે. તમામ હોટલના ભોજનકક્ષ અને હોટલની આજુબાજુમાં આવેલી દુકાનો પર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલા તમામ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તેમજ હોટલમાં આવતી-જતી તમામ વ્યકિતઓનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે હાઈ-ડેફીનેશનવાળા નાઈટ વિઝન ધરાવતા સી.સી.ટી.વી. કેમેરા રાખવાના રહેશે.

મોરબી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલી દરેક હોટલ, સિનેમાહોલ, મોટા મંદિરો, સાયબર કાફેમાં સારી કવોલીટીના સી.સી.ટી.વી. કેમેરા લગાવવાના રહેશે. સી.સી.ટી.વી. કેમેરા સતત ૨૪ કલાક ચાલુ રહે તે જોવાની જવાબદારી જે-તે માલિકો/ વહીવટકર્તાઓની રહેશે. સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા તમામ એકમોએ આગામી તારીખ ૦૫-૦૧-૨૦૨૫ સુધીમાં ઉભી કરવાની રહેશે અને સી.સી.ટી.વી. કેમેરાનું રેકોર્ડીંગ ઓછામાં ઓછા ૩૦ દિવસ સુધી રાખવા માટે પણ આ જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે. તેમજ બિલ્ડિંગના બહારના ભાગે પી.ટી.ઝેડ કેમેરા લગાવવાના રહેશે. તમામ પાર્કિંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવેરજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે.

આ ઉપરાંત જીલ્લામાં નવા શરૂ થતાં એકમોએ ઉપરોક્ત વ્યવસ્થા કર્યા બાદ જ કામધંધો શરૂ કરવાનો રહેશે. આ જાહેરનામું આગામી તારીખ ૨૮-૦૨-૨૦૨૫ સુધી અમલમાં રહેશે. ઉક્ત પ્રતિબંધાત્મક હુકમ મોરબી જીલ્લામાં આવેલી સરકારી સંસ્થાઓ, સરકારી કચેરીઓને લાગુ પડશે નહીં.

# મોરબી સહિત રાજ્યની નવ મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશનરની નિમણૂક

## મોરબીના પ્રથમ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે સ્વપનિલ ખરે નિમણૂક કરાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

રાજ્ય સરકારે નવી નવ મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂક કરી છે. મોરબી મહાનગરના પ્રથમ મ્યુનિસિપલ કમિશ્નર તરીકેસ્વપિનલ ખરેની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે અન્ય શહેરોમાં પણ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. જાણવા મળતી માહિતી અનુસાર, રાજ્ય સરકાર દ્વારા નવી રચનાબદ્ધ થયેલી નવ મહાનગરપાલિકાઓમાં મ્યુનિસિપલ કમિશ્નરની નિમણૂક કરવામાં આવી છે. મોરબી મહાનગરના પ્રથમ મ્યુનિસિપલ કમિશ્નર તરીકેસ્વપિનલ ખરેની નિમણૂક કરવામાં આવી છે. બાકી શહેરોમાં પણ જુદાં-જુદાં અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે જેમાં નડીયાદમાં મિરાંત પરીખ, પોરબંદરઃ એચ.જે. પ્રજાપતિ, મહેસાણાઃ રવિન્દ્ર ખટાલે,



વાપીઃ યોગેશ ચૌધરી, સુરેન્દ્રનગરઃ જી.એચ. સોલંકી, આણંદઃ મિલિન્દ બાપના, નવસારીઃ દેવ ચૌધરી, ગાંધીધામઃ એમ.પી. પંડ્યાની નિમણૂક કરવામાં આવી છે. હાલ તમામ અધિકારીઓને નવી મહાનગરપાલિકાના વિકાસ માટે કામગીરી શરૂ કરવાનું નિર્દેશ આપવામાં આવ્યું છે. મોરબીના મ્યુનિસિપલ કમિશ્નર તરીકેસ્વપિનલ ખરેની નિમણૂક દ્વારા મોરબીમાં શહેરી વિકાસના કામમાં ઝડપી આગળ વધી શકશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# જામનગર તાલુકાની દરેડ માધ્યમિક શાળા ખાતે આરોગ્ય વિષયક સેમીનાર યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર તાલુકાની સરકારી માધ્યમિક શાળા દરેડ ખાતે જામનગર આરોગ્ય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે આરોગ્ય વિષયક સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દરેડની ટીમ દ્વારા ટીબી અંગે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, ટ્યુબરક્યુલોસિસ (ટીબી) ગંભીર બીમારી છે જે કોઈપણને અસર કરી શકે છે. ટીબી બેક્ટેરિયાને કારણે થાય છે જે શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે છે પરંતુ મોટાભાગે ફેફસાંમાં થાય છે, જે પલ્મોનરી ટીબી કહેવાય છે. ટીબીના લક્ષણોમાં ૨ અઠવાડિયાથી કે વધુ સમયથી ઉધરસ, ભૂખ ન લાગવી, વજન ઘટવો, સાંજે જીણો તાવ કે પરસેવો વગેરે જેવા લક્ષણો વિષે માહિતી આપવામાં આવી હતી. એક્ટિવ ટીબી ધરાવતી પરંતુ સારવાર ન પામેલ



વ્યક્તિ દર વર્ષે ૧૦થી ૧૫ કે વધુ લોકોને ચેપ લગાડી શકે છે. ટીબીના તમામ દર્દીને જ્યાં સુધી દવા ચાલુ રહે ત્યાં સુધી પોષણયુક્ત આહાર માટે સરકાર દ્વારા મહિનાના રૂ.૫૦૦ની સહાય આપવામાં આવે છે.વાહકજન્ય રોગચાળો મલેરીયા, ડેન્ગ્યું ન થાય તે માટે પાણીના બિનજરૂરી પાત્રો ખાલી કરવા અથવા ઢાંકી રાખવા, તેમજ એનીમિયા એટલે લોહતત્વની કમી માટે પોષણયુક્ત આહાર વિષે માહિતી આપવામાં આવી હતી. દર બુધવારે લોહતત્વની ગોળી વિતરણ વિષે માહિતી આપવામાં આવે છે. ત્યારબાદ ટોબેકો ફ્રી યુથ કેમ્પેન ૨.૦ અંગે માહિતી તેમજ પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું હતું અને બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# મોરબીની સિલ્વર પાર્ક સોસાયટીના રહેણાંકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો,બે આરોપી ફરાર

મોરબી સીટી બી ડિવિઝન પોલીસે જુના ઘુંટુ રોડ ઉપર આવેલ સિલ્વર પાર્ક સોસાયટીમાં બાતમીને આધારે રેઈડ કરતા રહેણાંક મકાનમાંથી અગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૨૬ બોટલ મળી આવી હતી આ સાથે આરોપી મકાન માલીક તથા તેનો ભાગીદાર આરોપી બંને દરોડા દરમિયાન હાજર નહિ મળી આવતા તે બંને આરોપીઓને ફરાર દર્શાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના સર્વેલન્સ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે જુના ઘુંટુ રોડ ઉપર સિલ્વર પાર્ક સોસાયટીમાં રવિભાઈ વીંજવાડીયા પોતાના રહેણાંક મકાનમાં દેવેન્દ્ર ઉર્ફે બબો સાથે ભાગીદારીમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારી તેનું વેચાણ કરતો હોવાની ચોક્કસ માહિતીને આધારે ઉપરોક્ત સિલ્વર પાર્ક સોસાયટીમાં રવિભાઈના મકાનમાં રેઈડ કરતા બી ડિવિઝન પોલીસને વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૬ બોટલ કિ.રૂ. ૨૫,૮૮૯/- મળી આવી હતી, જેથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે દરોડા દરમિયાન આરોપી રવીભાઇ રમેશભાઇ વિંજવાડીયા/ કોળી રહે.મોરબી સિલ્વર પાર્ક જુના ઘુટુ રોડ તથા આરોપી દેવેન્દ્ર ઉર્ફે બબો મનુભા રાણા રહે સિલ્વર પાર્ક જુના ઘુટુ રોડવાળો હાજર નહીં મળી આવતા બંને વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓને પકડી લેવા તપાસની તજવીજ હાથ ધરી છે.

# ટંકારાના જોધપર ઝાલા ગામના આર્મી જવાનના નિધનથી શોક

## બિમારી બાદ અમદાવાદ આર્મી હોસ્પિટલ ખાતે અંતિમ શ્વાસ લીધા



ટંકારા તાલુકાના જોધપર ઝાલા ગામનાં વતની અને જમ્મુનાં ઉધમપુર આર્મી કેમ્પ ખાતે ફરજ બજાવતા વીર જવાનનું બીમારી સબબ અમદાવાદ આર્મી હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરાયા બાદ અંતિમ શ્વાસ લીધા હતા.આર્મી જવાનના નિધન બાદ પાર્થિવ દેહને માદરે વતન લાવવામાં આવતા સન્માનભેર અંતિમ વિદાય આપવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ ટંકારા તાલુકાના જોધપર ઝાલા ગામનાં વતની આર્મી જવાન પરેશકુમાર સારેસાનું બીમારી સબબ અમદાવાદ આર્મી હોસ્પિટલ ખાતે સારવારમાં રાખવામાં આવ્યા બાદ અંતિમ શ્વાસ લીધા હતા. આર્મમિન દરેદેશાવારી ગુજ પરેશકુમારે ૧૮ વર્ષની સેવા દરમિયાન ગુજરાત, પશ્ચિમ બંગાળ, પંજાબ, રાજસ્થાન સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં ફરજ બજાવી હતી.પરેશકુમારનું અકાળે નિધન થતા અંતિમયાત્રામાં જમ્મુ કાશ્મીર, જામનગર, અમદાવાદ તેમજ રાજકોટના આર્મીનાં સિનિયર અધિકારીઓ તેમજ જોધપર સમસ્ત ગ્રામજનો, આસપાસનાં તાલુકા તેમજ જિલ્લામાંથી એક્સ આર્મી જવાનો, વિસ્તારનાં ધારાસભ્ય સહિત અવે વાત અનેક સામાજીક અને રાજકીય આગેવાનો જોડાયા હતા.

# બાઈકના શોરૂમમાં ચોરી કરનાર બે શખ્સ મુંબઈથી દબોચાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના પવનચક્કી નજીક આવેલા બાઈકના શોરૂમમાં દસેક દિવસ પહેલાં ચોરી થઈ હતી. તેનો ભેદ પોલીસે ઉકેલી નાખી મુંબઈમાંથી બે શખ્સની ધરપકડ કરી છે. આ શખ્સોએ પોતાના ત્રણ સાગરિતના નામ આપી ગુન્હાની કબૂલાત આપી છે. બંને આરોપીને રિમાન્ડ પર લેવામાં આવ્યા છે.જામનગરના રણજીત સાગર રોડ પર આવેલા અવધ નામના બાઈકના શોરૂમમાં ગઈ તા.૧૮ના દિને ચોરી થઈ હતી. તે શોરૂમના પાછળના ભાગમાંથી ઘૂસી ગયેલા બે તસ્કરે અંદર પડેલા કાઉન્ટરમાં રાખવામાં આવેલી રૂ.૨ લાખ ૩૭૪૪૦ની રોકડ ઉઠાવી લીધી હતી.આ ગુન્હાની તપાસ સિટી એ ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફે શરૂ કર્યા પછી રવિ શર્મા, વિજય કાનાણીને મળેલી બાતમીના આધારે મુંબઈના અંધેરી વેસ્ટમાં અંબોલી નાકા પાસે સરદાર ચાલમાં રહેતા યતીન



પ્રવીણભાઈ સીંદરોજા તથા મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના પીથુસરાઈ ગામના સુનિલ શિવ પરીયાર નામના બે શખ્સને મુંબઈમાંથી પકડ્યા છે.આ શખ્સોના સગડ મેળવવા ચકાસાયેલા સીસીટીવી ફૂટેજમાં ઉપરોક્ત બંને નેપાળી શખ્સના સગડ પ્રાપ્ત થયા હતા. આ શખ્સોના કબજામાંથી બે મોબાઈલ, રૂ.૧૩૫૦૦ રોકડા કબજે કરી પૂછપરછ કરાતા આ શખ્સોએ પોતાના સાગરિત મૂળ નેપાળના માનસંગ જિલ્લાના કોલીકોટ ગામના વતની અને હાલમાં પુનામાં રહેતા ઉમેશ ઉર્ફે બિરેન્દ્ર માનબહાદુર માઝી અને સુરતના મોટા વરાછામાં નંદઘર પાસે રહેતા જનક મનીરામ સોની ઉર્ફે ડીકે તથા કમલ ખત્રી નામના મુંબઈના શખ્સના નામ આપ્યા છે.ઝડપાયેલા આરોપી પૈકીના યતીન પ્રવીણભાઈ સામે મુંબઈમાં જુદા જુદા ૧૬ ગુન્હા નોંધાયેલા છે અને ઉમેશ માઝી સામે પણ બે પોલીસ સ્ટેશનમાં ગુન્હા નોંધાયેલા છે. ઉમેશ, ડીકે ઉર્ફે જનક તથા કમલની શોધ શરૂ કરાઈ છે.

# માળીયા(મી)ના ચાચાવદરડા ગામ નજીક રોંગ સાઈડમાં આવતી કારે સીએનજી રીક્ષાને હડફેટે લેતા મહિલા મુસાફરનું મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ નજીક હાઈવે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરપાટ ગતિએ આવતી મોટર કારે સીએનજી રીક્ષાને ઠોકરે ચડાવી અકસ્માત સર્જ્યો હતો, આ અકસ્માતમાં સીએનજી રીક્ષા ચાલક સહિતના પાંચ ઘાયલ થયા હતા જ્યારે એક મહિલા મુસાફરનું માથામાં ગંભીર ઈજાઓને કારણે મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે ઈજાગ્રસ્ત રીક્ષા ચાલકની ફરિયાદને આધારે પોલીસે કાર ચાલક આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

અકસ્માતના બનાવ મામલે પ્રાપ્ત વિગતો મુજબ માળીયા(મી)માં વાડા વિસ્તારમાં રહેતા ઈરાફનભાઈ ગફુરભાઈ માલાણી ઉવ.૨૧ ગઈ તા. ૩૧/૧૨ના રોજ પોતાની સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૦૧-ટીએફ-૨૯૨૮માં પેસેન્જર ભરીને જતા હોય ત્યારે ચાચાવદરડા ગામની સામે રોડ ઉપર રોંગ સાઈડમાં પુરગતિએ ચલાવીને આવતા આઈ-૨૦ કાર રજી.નં. જીજે-૧૦-ડીએન-૦૫૨૭ના ચાલકે રીક્ષા સાથે કાર અથડાવી અકસ્માત કર્યો હતો, ત્યારે કારની જોરદાર ટકકરે રીક્ષા ચાલકને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ થઈ હતી જ્યારે રીક્ષામાં બેઠેલા પેસેન્જરો પૈકી ભાવનાબેન નામની મહિલાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું, જ્યારે અન્ય ચાર મહિલા મુસાફરને માથામાં તથા શરીરે નાના-મોટી ઈજાઓ પહોંચી હતી, રોંગ સાઈડમાં કાર ચલાવી અકસ્માત સર્જનાર કાર ચાલક ઘટના બાદ પોતાની કાર અકસ્માત સ્થળે રેઢી મૂકીને નાસી ગયો હતો, હાલ માળીયા(મી) પોલીસે રીક્ષા ચાલકની ફરિયાદના આધારે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સુરતનો વેપારીને વિરપુર બોલાવી ચાર શખ્સોએ કરી રૂા.૫ લાખની ઠગાઈ

સુરતના વેપારી યુવકને ત્યાંના પરિચિત શખસે છુટક પૈસાની સામે બાંધા પૈસા આપે તો કમિશન પેટે પૈસા ચુકવવાની લાલચ આપી અન્ય શખસ સાથે સંપર્ક કરાવ્યા બાદ વેપારીને વિરપુર બોલાવી તેની પાસે રહેલા રૂ.૫ લાખ પડાવી લઈ છેતરપીંડી આચરી મારી નાખવાની ધમકી આપ્યાની વેપારી યુવકે વિરપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. સુરતના ઠાકોર દ્વાર એપાર્ટમેન્ટમાં રહેતા દિવ્યભાઈ ઉર્ફે ચીન્ટુ મુકેશભાઈ આરીવાલાએ વિરપુર પોલીસમાં સુરતના સતીશ સુરતી અને મુકેશ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ સુરતના ડબગડવાડ હતા ત્યારે સતીશ સુરતી મળેલ અને કહ્યું કે અમારી પાસે દસ,વીસ, પંચાસ અમે છુટક પૈસા હોય અમને બાંધા પૈસા આપે તો તેના વળતર રૂપે પૈસા હું આપીશ તમ વાત કરેલ હતી. બાદમાં તેઓને પૈસા કમાવવાની લાલચ જાગતા તેને સતીશનો સંપર્ક કરતા તેને મુકેશ સાથે સંપર્ક કરાવ્યો હતો બાદમાં મુકેશે તેઓને રૂ.૧૦ લાખના બદલામાં રૂ.૧૧.૫૦ લાખ છુટક પૈસા આપવાની વાત કરી હતી અને પૈસાની લેતી દેતી માટે વિરપુર બોલાવ્યા હતા. જેથી તેઓએ મિત્ર મારફત રાજકોટ રૂ.૫ લાખનું આંગડીયું કરાવી તે રકમ લઈ તેઓ વિરપુર પહોંચ્યા બાદ મુકેશને ફોન કરતા તેણે જલારામ મંદીર પાસે ઉભા રહેવાનું કહ્યું હતું તે દરમ્યાન ચાર શખસો આવી તેઓ પાસે રહેલા રૂ.૫ લાખ લઈ જતા રહ્યા હતા. બાદમાં તેઓએ શખસનો સંપર્ક કરતા મુકેશ કહ્યું કે તું ત્યાંથી જતો રે નહીંતર તને મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેથી તેઓએ વિરપુર પોલીસમાં બેલડી સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ગઠીયાઓની શોધખોળ હાથ ધરી છે.

# તા.૧૨ના DH કોલેજના મેદાનમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

## મકરસંક્રાંતિના બે દિવસ પૂર્વે પ્રવાસન નિગમ અને મનપાનું આયોજન : જુદા જુદા દેશ અને અનેક રાજયોમાંથી પતંગવીરો ઉમટશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાનગરપાલિકા અને રાજય સરકારના પ્રવાસન નિગમના ઉપક્રમે સંક્રાંતિના બે દિવસ પૂર્વે તા.૧૨ના રોજ રવિવારે ડો.યાજ્ઞિક રોડ પરના ધર્મેન્દ્રસિંહજી કોલેજના ગ્રાઉન્ડમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનુ પ્રવાસન ક્ષેત્ર આગવું સ્થાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષે રાજ્યના વિવિધ શહેરોમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવાની શરૂઆત કરાવી હતી. જે મુજબ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મહાનગરપાલિકા અને ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના સંયુકત ઉપક્રમે તા.૧૨ને રવિવારના રોજ સવારે ધર્મેન્દ્રસિંહજી કોલેજ (ડી.એચ. કોલેજ)ના ગ્રાઉન્ડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં વિવિધ દેશો તથા ભારતના વિવિધ રાજયોના પતંગવીરો ભાગ લેનાર છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો શુભારંભ રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના હસ્તે કરવામાં આવશે તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, મંત્રી શ્રીમતી બીનાબેન આચાર્ય, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, પ્રવાસન નિગમના કમિશનર અને મેનેજિંગ ડીરેક્ટર સાઈડીંગપુઈ છાકછુઆક, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા,



ડો.માધવભાઈ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા,સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, મનપાના અધિકારી-કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહેશે.

આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં જોડવા તેમજ નિહાળવા ઉપસ્થિત રહેવા પદાધિકારીઓ અને મ્યુનિ. કમિશ્નરે નગરજનોને આમંત્રણ પાઠવ્યું છે. આ વર્ષે પતંગ મહોત્સવ રવિવારે મળ્યો હોય, શહેરીજનો અને બાળકોને મોજ પડી જશે. દર વર્ષે એક સપ્તાહમાં અલગ અલગ શહેરોમાં સરકાર પતંગ મહોત્સવ ઉજવે છે તે ઉલ્લેખનીય છે.

# સાધુ વાસવાની કુંજ રોડ પર આવેલ દ્વારિકા વિલેજ એપાર્ટમેન્ટ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા પૂરી પાડો

## અહીંના રહેવાસીઓએ કાર્યપાલક ઇજનેરના આપ્યું આવેદનપત્ર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના સાધુ વાસવાની કુંજ રોડ પર દ્વારિકા વિલેજ એપાર્ટમેન્ટ સહિત અનેક સોસાયટીઓ આવેલી છે આ આ વિસ્તારમાં અનેક રહેવાસીઓ ના રહેણાંક છે પરંતુ અહીં લાઈટ પાણી સહિતની અનેક પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોય દ્વારિકા વિલેજ એપાર્ટમેન્ટના રહેવાસિઓએ આજે કાર્યપાલક ઈજનેરને આવેદન પત્ર આપી જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ઉત્કર્ષ એપાર્ટમેન્ટ તેમજ જડેશ્વર બંગ્લોઝ પણ આવેલા છે આ સિવાય અન્ય સોસાયટીઓ પણ વિકસિત છે પરંતુ સ્ટ્રીટ લાઈટ, રસ્તા તેમજ ભૂગર્ભ ગટર સહિતની પ્રાથમિક સુવિધાઓ નો હોવાને કારણે અહીંના રહેવાસીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તો અંગે ઘટતું કરી તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વિનંતી કરી હતી

# સૌરાષ્ટ્ર યુની.મા સતાધિશોની હઠ સામે વિદ્યાર્થીઓની જીત

- NET, GSET ,PET પાસ હવે Ph.Dમાં પ્રવેશ અપાશે : કોંગ્રેસની રજુઆત સફળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બુધવારે પીએચ.ડી.માં કુલ ૨૬ વિવિધ વિષયની ખાલી રહેલી ૧૭૧ જગ્યા પર પ્રવેશ આપવા માટે કુલપતિની અધ્યક્ષતામાં મિટિંગ મળી હતી. જેમાં ભૂતકાળમાં નેટ, જી-સેટ પાસ કરી હોય તેઓ તથા યુનિવર્સિટીની પેટ પરીક્ષા પાસ કરી હોય અને પરીક્ષાની વેલિડિટી પૂરી થઈ ન હોય તેવા વિદ્યાર્થીઓને માત્ર ચાલુ વર્ષ માટે પ્રવેશ માટે લાયક ગણ્યા છે. આ અંગેની વિગતવાર માહિતી આગામી દિવસોમાં યુનિવર્સિટીની વેબસાઈટ પર પીએચ.ડી. પ્રવેશ સમિતિ દ્વારા મૂકવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં Ph.D એડમિશનમાં NET ફરજિયાત બનાવવામાં આવ્યું હતું જેથી ૧૭૧ જેટલી જગ્યાઓ ખાલી રહી હતી. બાદમા સતાધિસોએ માત્ર NET, GSET પાસ ઉમેદવારો જ ખાલી સીટોમા રજીસ્ટ્રેશન કરાવી શકશે તેવો નિર્ણય કરવામા આવ્યો હતો જો કે આ નિર્ણયથી ભૂતકાળમા જે વિદ્યાર્થીઓએ સૌ.યુની.દ્વારા લેવાયેલી પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા (PET) પાસ ઉમેદવારોમા નારાજગી ઊઠી જવા પામી હતી. વિદ્યાર્થીઓના આ પ્રશ્નને કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપુત અને તેઓની ટીમ દ્વારા કુલપતિને રજૂઆત કરી ધ્યાન દોરવામા આવ્યુ હતુ કે આવા મનગણત નિર્ણયો વિદ્યાર્થીઓ માટે નુકશાનકારક છે તમે PET પાસ ઉમેદવારોને પણ તક આપવી જોઈએ. જો કે આ બાદ સતાધિસોએ મગનુ નામ મારી ના પાડતા કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરો મોટી સંખ્યામા કુલપતિ ઓફીસમા હોબાળો મચાવીને હલ્લાબોલ કર્યો હતો અને તાળાબંધી કરી ઉગ્ર વિરોધ દર્શાવ્યો



હતો અને વિદ્યાર્થીઓની માંગ સ્વીકારવા માંગ કરી હતી. કોંગ્રેસના આક્રમક વિરોધ બાદ કુલપતિએ અલગ અલગ ફેકલ્ટીના ડિનનો સમાવેશ કરી પીએચડીની પ્રવેશ સમિતિની રચના કરવામા આવી હતી અને આ પ્રવેશ સમિતિની બેઠક કુલપતિની અધ્યક્ષતામા ગઈકાલે મળી હતી જેમા ભૂતકાળમા પીએચડી પ્રવેશ પરીક્ષા પાસ કરી છે અને જેઓ પાસે આજીવન એલિજિબિલિટી સર્ટિફિકેટ તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો નિર્ણય કરવામા આવ્યો હતો. આ અંગે કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતનો સંપર્ક કરતા જણાવ્યુ હતુ કે સત્તાધિશોની હઠ સામે વિદ્યાર્થીઓની જીત થઈ છે આ નિર્ણય આવકારદાયક છે.અમારી પ્રાથમિકતા એ જ હતી કે ગરીબ-મધ્યમ વર્ગીય પરિવારના વિદ્યાર્થીઓને સરકારી યુની.મા પીએચડીમા પ્રવેશ મળે તેઓ માટે ઘણી રાહતરૂપ થાય. અમારો વિરોધ એ પણ હતો કે જે એક બે સતાધિસો દરેક નિર્ણય પોતાની ચેમ્બરમા બેસીને લઈ લેતા એ કુટેવ દૂર કરી કેમ્પસમા રહેલ અનેક વિદ્વાન શિક્ષણવિદો છે તો તેઓની સલાહો લઈને નિર્ણયો લેવામા આવે તો વિવાદો પણ ના છેડાય અને બીજુ કે તેમા વિદ્યાર્થીઓનુ હિત પણ સચવાય.

# ફક્ત બે કલાકનો કર્મજ્ઞાનનો નિઃશુલ્ક મોટીવેશન સેમિનાર તમારી જિંદગી બદલી શકે છે

## આગામી તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫ને રવિવારના કર્મયોગી ડો. રાજીવ મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર સુંદર અને સરળ ભાષામાં વક્તવ્ય અપાશે : તદ્દન ફ્રી સેમિનારમાં ઉપસ્થિત રહેવા રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આપણને મળેલો માનવદેહ અનમોલ છે આપણી જિંદગી ખૂબસૂરત છે પરંતુ કર્મજ્ઞાનના અભાવ અને સમજ ના હોવાને કારણે ઘણીવાર વ્યક્તિને પોતાની જિંદગી ભારરૂપ લાગે છે જેને કારણે આજે સમગ્ર દેશમાં અને વિશ્વમાં આપઘાતનું, માનસિક તણાવ, આતંકવાદ, ભ્રષ્ટાચાર, લૂંટફાટ તેમજ અત્યાચારનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું છે વધુમાં વર્તમાનમાં જે પણ ફળ આપણને મળી રહ્યું છે તે ભૂતકાળમાં કરેલા કર્મોનું ફળ છે આ સાથે ભાગ્ય પ્રારબ્ધ કે નસીબ બીજું કાંઈ નથી પરંતુ આપણા પાછળના જન્મનું કર્મ છે જેમાંથી છુટકારો મેળવી જીવનની દરેક ક્ષણને મોજથી વિતાવવા કર્મજ્ઞાનને સમજી જીવનમાં ઉતારવું અત્યંત જરૂરી છે આ માટે કર્મયોગી અને મોટીવેશન ગુરુ ડો. રાજીવ મિશ્રા છેલ્લા ૧૮ વર્ષથી સતત કાર્યશીલ અને પ્રયત્નશીલ છે ખુશ થઈને કામ કરશો તો ખુશી અને સફળતા બંને મળશે આ ચમત્કારિક સૂત્ર ના રચયિતા ડો.રાજીવ મિશ્રા દ્વારા આગામી તારીખ ૫ જાન્યુઆરી ૨૦૨૫ ને સવારના સવારે ૯ થી ૧૧કલાક દરમિયાન કર્મજ્ઞાન પર તદ્દન નિઃશુલ્ક સેમિનારનું આયોજન હાથ ધરાયું છે ડો. મિશ્રા દ્વારા કર્મજ્ઞાન પર દરેક વ્યક્તિ સમજી શકે તેવી સરળ ભાષામાં વ્યાખ્યાન આપવામાં આવશે ફક્ત ૨ કલાકનો આ સેમિનાર દરેક વ્યક્તિની જિંદગી ખુશહાલ બનાવવા પર્યાપ્ત છે માટે કોઈપણ વ્યક્તિએ આ તક ચુકવા જેવી નથી વર્ષમાં ફક્ત એક જ વાર જાન્યુઆરી માસમાં આ સેમિનારનું આયોજન કરવામાં આવે છે તો આ ફ્રી (નિઃશુલ્ક)



સેમિનારનું રજીસ્ટ્રેશન શરૂ થઈ ચૂક્યું છે જેનું સ્થળ પ્રમુખસ્વામી ઓડિટોરિયમ, રૈયા રોડ, અલાપ ગ્રીન સિટી સામે, રાજકોટ. રહેશે આ મોજ ના વિજ્ઞાન ને લગતા સેમિનારમાં હાજર રહેવા whatsapp નંબર ૮૫૧૧૮ ૨૯૦૦૨/ ૯૮૯૮૧૮૧૯૧૭/૯૯૭૮૨૯૭૫૯૮/૯૪૨૮૭૮૮૬૪૨નો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવુ ફરજિયાત છે આ સેમિનારને સફળ બનાવવા કર્મયોગ મંદિરની સમગ્ર ટીમ કાર્યરત છે

# પાટીદાર સમાજની દીકરીની ધરપકડ બાદ મહિલા અધિકાર ભંગ મામલે દોષિતો સામે કડક કાર્યવાહી કરો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અમરેલીમાં રાજકીય રાગદ્વેષ ભોગ બન્યા બાદ પાટીદાર સમાજની દીકરીની કરાયેલ ધરપકડને ત્યારબાદ માનવ અધિકાર અને મહિલા અધિકાર અને ભંગના મામલે દોષિતો સામે કડક કાર્યવાહી કરવા આજે આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે તાજેતરમાં બે જૂથ વચ્ચે રાજકીય ખટરાગ ને કારણે પાટીદાર સમાજની અપરણિત દીકરીની કોઈ ભૂમિકા નો હોવા છતાં તેણીની ધરપકડ કરાઈ હતી રાજકીય નેતાઓના ઈશારે જ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવેલી આ ધરપકડ ને કારણે મહિલાની બદનામી થઈ છે આ અંગે કડક કાર્યવાહી કરવા મુખ્યમંત્રી સમક્ષ આંતરરાષ્ટ્રીય કુર્મી સેનાએ માગ કરી છે

# રાજકોટ જિલ્લાના ૧૦૮ સ્થળોને નો-ડ્રોન ઝોન જાહેર કરતા અધિક કલેક્ટર

## SCA ક્રિકેટ સ્ટેડીયમ, વીરપુર જલારામ મંદિર, કાગવડનું ખોડલધામ મંદિર તેમજ વિજ સબ સ્ટેશનો, જળાશયો સહિતનો સમાવેશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાના ૧૦૮ સ્થળોને નો-ડ્રોન ઝોન તરીકે જાહેર કરી દેવામાં આવેલ છે. આ અંગે અધિક કલેક્ટર એ.કે. ગૌત્તમ દ્વારા ખાસ જાહેરનામુ પ્રસિધ્ધ કરી દેવામાં આવેલ છે.

જેમાં જણાવાયું છે કે, થોડા સમય પહેલા જમ્મુ કાશ્મીરમાં ડ્રોન હુમલાનો બનાવ બનેલ હોય આ પ્રકારના સંશોધનોથી રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આતંક ફેલાવી સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાન-માલને નુકશાન પહોંચાડાય તેવી શક્યતા રહેલી હોય જેથી સાવચેતીના પગલાના ભાગરૂપે જિલ્લાના ૧૦૮ સ્થળોને નો-ડ્રોન ઝોન જાહેર કરી દેવામાં આવેલ છે.

જે અંતર્ગત આ ૧૦૮ સ્થળો પર રીમોટ કન્ટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન તથા એરીયલ મિસાઈલ હેલીકોપ્ટર, રીમોટ કન્ટ્રોલ,



માઈક્રો લાઈટ, એર ક્રાફ્ટ કે પેરાલાઈડર જેવા સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે. જિલ્લાના જે વિસ્તારો નો-ડ્રોન ઝોન જાહેર કરાયા છે. જેમાં વીરપુરનું જલારામ મંદિર, કાગવડ મંદિર, છાપરવડી ડેમ, પીજીવીસીએલના સબ સ્ટેશનો, મોટા જળાશયો, કામનાથ મહાદેવ મંદિર કનેસરા, મોજ ડેમ, વેણુ-૨ ડેમ, ઓલ ઈન્ડિયા રેડીયો સ્ટેશન, એસ.સી.એ. ક્રિકેટ સ્ટેડીયમ, ન્યારી ડેમ, ઈશ્વરીયા ડેમ, ગોંડલ બસ સ્ટેશન, જેતલસર રેલવે સ્ટેશન સહિતના ૧૦૮ સ્થળોનો સમાવેશ કરાયો છે. અધિક કલેક્ટરના આ જાહેરનામાના ભંગ કરનારાઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

આ ઉપરાંત અધિક કલેક્ટર દ્વારા રાજકોટ શહેર જિલ્લામાં ટુ-વ્હીલર સહિતના વાહનોની લે-વેચ કરનારાઓ વેપારીઓ તેમજ મોબાઈલની લે-વેચ કરતા દુકાનધારકો માટે પણ જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે. જેમાં વાહન ખરીદનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશન કાર્ડ કે નોકરી કરતા હોય તો ત્યાંનુ ઓળખ કાર્ડ મેળવવા તેમજ વાહનોના ફ્રેમ નબર, ચેસીસ નંબર રાખવા પણ તાકિદ કરવામાં આવી છે.

# ઠંડી સાવ સામાન્યઃ મોટા ભાગનાં સ્થળોએ ૧૨ થી ૧૮ ડિગ્રી તાપમાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયમાં નલિયા સહિત સર્વત્ર આજે ઠંડી સાવઘટી જવા પામી હતી.અને મોટાભાગનાં સ્થળોએ ૧૨ થી ૧૮ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયુ હતું.નલિયામાં આજે સવારે ૯ ડિગ્રી તેમજ રાજકોટમાં ૧૨.૪, પોરબંદરમાં ૧૨, અમરેલીમાં ૧૫.૪,અમદાવાદમાં ૧૫, ભુજમાં ૧૨.૬, દમણમાં-૧૮, ડિસામાં ૧૨.૪, દિવમાં ૧૫.૪, દ્વારકામાં ૧૭ ડિગ્રી,ગાંધીનગરમાં ૧૪.૬, ઓખામાં ૨૦, સુરતમાં ૧૮.૪, અને વેરાવળમાં ૧૮.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જયારે ઉત્તર ભારતમાં સતત હીમવર્ષાની અસર ગુજરાતમાં પણ વર્તાઈ રહી છે. જામનગર સહિત રાજ્યના અન્ય શહેર-જિલ્લામાં કોલ્ડવેવના પગલે ન્યૂનતમ તાપમાનમાં ઘટાડો થતા તીવ્ર ઠંડી પડી રહી છે. શહેરમાં બુધવારે સવારે પૂરા થતાં ચોવીસ ક્લાક દરમ્યાન ૧.૬ ડીગ્રીના વધારા સાથે ન્યુનત્તમ તાપમાન ૧૪.૬ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે મહતમ તાપમાન સતત બીજા દિવસે ૨૬.૫ ડિગ્રી રહ્યું હતું.તો શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૭૮ ટકા પહોંચી ગયું હતું અને પવનની ગતિ પ્રતિકલાક ૪.૮ કિમિ નોંધાઈ હતી.બર્ફીલા પવનની ગતિમાં થયેલા વધારા સાથે ઠંડીમાં વધારો થયો હતો. આગામી ૫ જાન્યુઆરી સુધી હવામાન સૂકું અને ઠંડું તેમજ ચોખ્ખુ રહેવાની આગાહી કરાઈ છે.

# રાજકોટ જિલ્લામાં બોરવેલ-કુવા ખુલ્લા રાખવા પર પ્રતિબંધ



રાજકોટ જિલ્લામાં ખુલ્લા બોરવેલ તેમજ કુવાને કારણે થતા અકસ્માતો અને જાનહાનિની ઘટના અટકાવવા રાજકોટ જિલ્લા નિવાસી અધિક કલેક્ટર શ્રી એ.કે. ગૌતમે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે. જે મુજબ, ખેતી કે અન્ય ઉપયોગ માટે કરેલા બોરકુવા ફેઈલ થયા બાદ બંધ કર્યા સિવાય છોડી ન દેતા બોરકુવાને માલીકે તાત્કાલિક પુરાણ કરીને બંધ કરી દેવાના રહેશે. જે બોરકુવા હાલ વપરાશમાં ન હોય પણ ભવિષ્યમાં ઉપયોગ કરવાનો હોય તો આવા બોરકુવાને નટ- બોલ્ટ સહિતના બોરકેપ નટ બોલ્ટ લગાવી ફરજિયાતપણે ઢાંકી દેવાના રહેશે. દરેક ખાતેદારે ખેતી હેતુ માટે ઉપયોગમાં લેવાતા તમામ કુવાની ફરતે પાકી દિવાલ બનાવી લેવાની રહેશે.આ જાહેરનામું રાજકોટ શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારની સિવાયના રાજકોટ જિલ્લાના વિસ્તારમાં તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનાર સજાને પાત્ર ઠરશે.

# જિલ્લા પંચાયત દ્વારા ધાત્રીમાતા અને નવજાત દિકરી માટે પોષણ સહાયઃ ઘી, ઝબલા, ગોદડી વગેરે અપાશે

## રાજકોટ ગ્રામ્ય વિસ્તાર માટે નવા વર્ષની ભેટઃ સરકારી કેન્દ્રમાં પ્રસુતિ કરાવનારને લાભ : વિકાસ ફંડ યોજનાનો અમલ સરકારની ગાઈડ લાઈન મુજબ પેપર વર્ક થયા પછી થશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા ગઇ તા.૧૫ ઓકટોબરે સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવો અમલમાંઆવી રહયા છે. જિલ્લાના સરકારી આરોગ્ય કેન્દ્રમા પ્રસુતી કરાવનાર માતા અને નવજાત દીકરી માટે પોષણ સહાય યોજના જાહેર કરવામાં આવેલ. તેનો ૨૦૨૫ના વર્ષના પ્રારંભથી અમલ કરવામાં આવી રહયો છે. પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવીણાબેન સંજયભાઇ રંગાણીએ સામાન્ય સભામાં અધ્યક્ષ સ્થાનેથી વિકાસ ફંડની સ્થાપના, નવજાત દીકરી અને માતાને પોષણ સહાય, વિચરતી વિમુકત જાતીના દીકરા-દીકરી માટે શિક્ષણ સહાય, જનભાગીદારીથી જળસંચય અભિયાન વગેરે અંગે પ્રસ્તાવ મુકેલ તેને સામાન્ય સભાએ મંજુર કર્યા હતા.

વિકાસ ફંડ સ્થાપવાનો ઠરાવ મંજુરી અર્થે સરકારમાં મોકલવામાં આવેલ. તેમાં સરકારે સુચવ્યા મુજબ પેપર વર્ક (વહીવટી પ્રક્રિયા) પુર્ણ કરીને અમલ કરવામાં આવશે. અન્ય ઠરાવોનો અમલ કરવા માટે ડી.ડી.ઓ. ડો.નવનાથ ગવહાણે (આઇ.એ.એસ.)એ વહીવટી તંત્રને સુચના આપી છે. જેમાં દીકરીની માતાને પોષણ સહાય આપવાની યોજના સૌથી વધુ ધ્યાન ખેંચનારી છે. રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ધાત્રીમાતા અને નવજાત દીકરીને પોષણ સહાય યોજનાનો લાભ મળવાપાત્ર છે.

આ યોજના અંતર્ગત દેશી ગાયનું ઘી ૧ કિલો, મમતા કીટ (માતા અને બાળક માટે), માતા માટે કીટ જેમાં ૧૫ સેનેટરી પેડ, એન્ટીસેપ્ટિક લીકવીડ, સાબુ સાથે સાબુદાની, પોષણયુકત આહાર, બાળક માટે કીટ જેમાં ત્રણ ઝબલા, ત્રણ ટોપી, નવ લંગોટ, એક ગોદડી, એક બાળકનો રૂમાલ, હાથ પગના મોજા અપાશે. સરકારી દવાખાના (પી.એચ.સી./ સી.એચ.સી) ખાતે થયેલ ડીલેવરીને ધ્યાને લેવામાં આવશે. બજેટમાં આયોજન માટે અંદાજે રૂપિયા ૧૦ લાખ સુધીની જોગવાઈ કરવામાં આવશે. માતા-દીકરી દીઠ રૂ.૪,૦૦૦ સુધીની પોષણ સહાય મળશે. રીવાઇઝડ બજેટમાં પણ જોગવાઈ કરવામાં આવશે.

અન્ય એક ઠરાવ મુજબ રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં વિચરતી વિમુકત જાતિના ધો. ૨ થી ૮માં અભ્યાસ કરતા દીકરા-દીકરી માટે ૧ થી ૫ નંબર આવેલ તાલુકા દીઠ કુલ-૩૫ બાળકોને રૂ.૫,૦૦૦/- લેખે કુલ રૂ.૧૯,૨૫,૦૦૦/- અંકે રૂપિયા ઓગણીસ લાખ પચ્ચીસ હજાર પુરા શિક્ષણ સહાય ચુકવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. જેમાં બાળકની શાળામાં ઓછામાં ઓછી ૮૦% હાજરી હોવી જોઈએ. તાલુકા દીઠ ધોરણ ૨ થી ૮માં ધોરણ દીઠ ૫(પાંચ) બાળકોને લેવાના રહેશે.





તાલુકા દીઠ ઓછામાં ઓછી ૨(બે) કન્યાઓનો ફરજીયાત સમાવેશ કરવામાં આવશે.

ઉપરાંત જળસંચયના ઠરાવ અંતર્ગત સભ્ય દીઠ ૨ જળ સંચયના કામો એક જળ સંચયના કામ દીઠ રૂ.૬૦,૦૦૦/-ની સહાય, જિલ્લા પંચાયત સ્વભંડોળમાંથી ખર્ચ થશે.

સ્વભંડોળમાં લીધેલ કામોમાં ફેરફાર અને રીવાઇઝડ બજેટમાં જોગવાઈ કરવામાં આવશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

